#155

Direction vs Speed 💤

મિત્રો, કલ્પના કરો કે એક જહાજ સમુદ્રમાં નીકળે, પણ તેની પાસે કોઈ ગંતવ્ય ન હોય. તે પવન અને મોજાંના આધારે ક્યાંય પણ પહોંચી શકે. પરંતુ જે જહાજને પોતાનું Destination ખબર હોય, તે તોફાનો વચ્ચે પણ યોગ્ય દિશામાં આગળ વધે છે.

આપણા જીવનમાં પણ Goal એ જ કામ કરે છે.

Goal વગરની મહેનત ઘણી વખત વ્યસ્તતા બની જાય છે, જ્યારે Goal સાથેની મહેનત પ્રગતિ બની જાય છે.

જ્યારે આપણું લક્ષ્ય સ્પષ્ટ હોય છે, ત્યારે દરેક નિર્ણય સરળ બને છે, દરેક મુશ્કેલીનો અર્થ સમજાય છે અને દરેક દિવસનું કામ મહત્વપૂર્ણ લાગે છે.

યાદ રાખો,

“ગતિ કરતાં દિશા વધુ મહત્વની છે.”

ખોટી દિશામાં ઝડપથી દોડવા કરતાં સાચી દિશામાં ધીમે ધીમે આગળ વધવું વધુ સારું છે.

આથી આજે જ તમારા જીવનનું એક સ્પષ્ટ Goal નક્કી કરો.

કારણ કે Goal માત્ર આપણને ક્યાં પહોંચવું છે તે જ નથી જણાવતું, પરંતુ ત્યાં પહોંચવાનો માર્ગ પણ બતાવે છે.

લક્ષ્ય સ્પષ્ટ હશે, તો રસ્તો પણ સ્પષ્ટ બનશે. ✨